# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ **માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા** –**ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦-૦૧-૨૦૧૬ • સમયઃ સવારે ૯ થી ૧૨ • શ્રેણી : **૧૩** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 13**

**પ્ર. : ૧. સામાયિક – પ્રતિક્રમણના આધારે :**

**(ક) કોઈ પણ બે પ્રશ્નોના જવાબ લખો :**

(૧) મિચ્છામિ દુક્કડં અને ખમત ખામણા એટલે શું ? આ બન્ને શબ્દ ક્યારે બોલવા જોઈએ ?

જવાબ (ક) (૧) મિચ્છામિ દુક્કડં અને ખમત ખામણા એટલે હું ક્ષમા માગું છું અને ક્ષમા આપું છું.

(૨) પચ્ચક્ખાણમાં કયા ચાર આગાર રાખવામાં આવે છે ? ચારેનો મૂળ શબ્દ લખી, કોઈ પણ બેના અર્થ લખો.

જ. (૨) પચ્ચક્ખાણમાં ચાર આગાર રાખવામાં આવે છે. ૧)અન્નત્થણાભોગેણં = ઈચ્છા કે ઉપયોગ વગર મુખમાં આવી જાય.
૨) સહસ્સાગારેણં = ધ્યાન ન રહે અને અચાનક કાઈ ચીજ મુખમાં આવી પડે.
૩) મહત્તરાગારેણં = વડીલ કે ગુરુની આજ્ઞાથી સમય પહેલાં આહાર કરે.
૪) સવ્વસમાહિવત્તિયાગારેણં = શરીરની સમાધિ રહે ત્યાં સુધી.

(૩) સાત કુવ્યસનો કયાં કયાં પાપમાં સમાઈ જાય છે ?

જ. (૩) પ્રાણતિપાતમાં - મદિરાપાન, માંસાહાર, શિકાર
અદત્તાદાનમાં ચોરી - મૈથુનમાં પરસ્ત્રીગમન - વેશ્યાગમન
વેશ્યાગમન અને પરિગ્રહમાં - જુગાર - આ વ્યસનો સમાઈ જાય છે.

**(ખ) કોઈ પણ આઠ શબ્દના અર્થ લખો :**

(૧) પહીણ જરમરણા (૨) વિસલ્લી કરણેણં (૩) લોગનાહાણં (૪) સત્તાણં
(૫) વજ્જણા (૬) દુરૂહીને (૭) ફાસેણં (૮) પાઢિયારૂ

જવાબ (ખ) (૧) અર્થ : ઘડપણ અને મરણથી મુક્ત (૨) શલ્યોથી રહિત કરવા માટે (૩) લોકના નાથ (૪) સત્તાણં-પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ (૫) ત્યાગ કરવો (૬) ઉપર બેસીને (૭) સ્પર્શથી (૮) આપીને પાછી લેવાય તેવી વસ્તુ.

---

**પ્ર. : ૨ (ક) દશવૈકાલિક સૂત્રના આધારે :**

(૧) રાજેમતીના વચન સાંભળી રહનેમિ ધર્મમાં ફરી સ્થિર થયા તે દર્શાવતી ફક્ત ગાથા લખો.

જવાબ (ક) (૧) તીસે સો વયણં સોચ્ચા, સંજયઈ સુભાસિયં ।
અંકુસેણ જહા ણાગો, ધમ્મે સંપડિયાઈઓ ॥

(૨) ઉનાળો, શિયાળો અને વર્ષા – એમ ત્રણે ઋતુમાં સમાધિવંત સાધુ શું કરે તે દર્શાવતી ફક્ત ગાથા લખો.

જ. (૨) આયાવયંતિ ગિમ્હેસુ, હેમંતેસુ અવાઉડા ।
વાસાસુ પડિસંલીણા, સંજ્યા સુસમાહિયા ॥

(૩) દશવૈકાલિકના બીજા અધ્યયનનું નામ લખો. એમાં ગાથા કેટલી છે ?

જ. (૩) બીજું શ્રામણ્યપૂર્વક (સામણ્ણપુવ્વયે) અધ્યયન, તેમાં ૧૧ ગાથા છે.

(૪) સાધુની ભિક્ષાની સરખામણી ભ્રમર સાથે કેમ કરી છે ?

જ. (૪) જેમ ભ્રમર વૃક્ષનાં ફૂલોમાંથી તેને પીડા પહોંચાડ્યા વગર મર્યાદાપૂર્વક રસ પીએ છે, તેમ સાધુ પણ ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલા આહારમાંથી કોઈ પણ જીવની વિરાધના ન થાય, દેનાર ગૃહસ્થને પીડા ન થાય તેવી રીતે ભિક્ષા લે છે.

**(ખ) ગાથા પૂર્ણ કરી ભાવાર્થ સમજુતી લખો (કોઈ પણ ૩) :**

(૧) જે ય કંતે ........................

જ. (૧) જે યં કંતે પિએ ભોએ, લદ્ધે વિ પિટ્ઠિ કુવ્વઈ ।
સાહીણે ચયઈ ભોએ, સે હુ ચાઈત્તિ વુચ્ચઈ ॥
**ભાવાર્થ :** જે કમનીય અને પ્રિય ભોગો મળવા છતાં પણ સ્વાધીનપણે પોતાની મરજીથી તે ભોગો તરફથી નજર વાળી લઈ તેનો ત્યાગ કરે છે, તે જ ખરેખર ત્યાગી કહેવાય.

(૨) અટ્ઠાવએ ય નાલીએ ...............

જ. (૨) અટ્ઠાવએ ય નાલીએ, છત્તસ્સ ય ધારણાટ્ઠાએ ।
તેગિચ્છં પાહણાપાએ, સમારંભં ચ જોઈણો ॥
**ભાવાર્થ :** જુગાર રમવો, પાસાંનો જુગાર રમવો, ચિકિત્સા આદિ કરાવવા, પગરખાં આદિ પગમાં ધારણ કરવા, અગ્નિનો આરંભ કરવો

(૩) અહં ચ ભોગરાયસ્સ ................

જ. (૩) અહં ચ ભોગરાયસ્સ, તં ચ સિ અંધગવણ્હિણો ।
મા કુલે ગંધાણા હોમો, સંજમં ણિહુઓ ચર ॥
**ભાવાર્થ :** હું ભોજરાજાના કુળની ઉગ્રસેન રાજાની પુત્રી છું. તું અંધકવિષ્ણુ કુળના સમુદ્રવિજય રાજાનો પુત્ર છે. (ખાનદાન કુળના) આપણા ગંધન સર્પ સમાન (વમન કરેલા વિષને પીને કુળને કલંક લગાડનારા) ન થઈએ, માટે તું તારા મનને સ્થિર કરી સંયમમાં વિચરે...

(૪) પરીસહરિઉદંતા ......................

જ. (૪) પરીસહરિઉદંતા, ધૂયમોહા જિ ઈંદિયા । સવ્વ દુક્ખપ્પહીણટ્ઠા, પક્કમંતિ મહેસિણો ॥
**ભાવાર્થ :** પરિષહ રૂપી શત્રુને જીતાનારા, મોહને દૂર કરનારા, પાંચે ઈંદ્રિયોને જીતીને તે મહર્ષિઓ સંસારનાં સર્વ દુઃખોનો સર્વથા નાશ કરવા માટે, મોક્ષ પ્રાપ્તિને માટે સંયમ અને તપમાં ઉદ્યમ કરે છે.

**(ગ) અર્થ લખો : (કોઈ પણ ૬)**

૧) હડો ૨) પક્ખંદે ૩) ણાગો ૪) દુમસ્સ ૫) સિંગબેરે ૬) વિહંગ ૭) વુચ્ચ ઇ ૮) ચયઈ.

જવાબ (ગ) (૧) હડો : મૂળ જેના અસ્થિર થયા છે એવી હડ નામની વનસ્પતિ.
જ. (૨) પક્ખંદે : પડે છે. જ. (૩) હાથી જ (૪) ઝાડના જ. (૫) આદુ જ. (૬) ભમરો
જ. (૭) કહેવાય જ. (૮) ત્યાગ કરે.

---

**પ્ર. : ૩. (ક) નિયંઠાને આધારે : ખાલી જગ્યા પૂરો :**

**જવાબ સાથે....**(૧) શુદ્ધ, અખંડ, સુગંધિત ચોખા જેવા .... **જવાબ :** સ્નાતક
(૨) ફોતરાં કાઢેલી, ખાંડેલી શાળ જેવા .... **જવાબ :** નિર્ગ્રંથ
(૩) ચોખાના પૂળા જેવા .... **જવાબ :** પુલાક
(૪) ખળામાં પડેલી શાળ જેવા .... **જવાબ :** બકુશ
(૫) ફોતરાંવાળી કચરા વિનાની શાળ જેવા ... **જવાબ :** કષાય કુશીલ
(૬) ખળાની ઉપણેલી શાળ જેવા .... **જવાબ :** પડિસેવણા કુશીલ.

**(ખ) તફાવત લખો – કોઈ ત્રણ :**

(૧) સંવુડા - અસંવુડા (૨) હિયમાન - વર્ધમાન પરિણામ (૩) અસબલે - અકમ્મે
(૪) પ્રત્યેક-સો-પ્રત્યેક - હજાર એટલે કઈ સંખ્યા ?

જવાબ (ખ) (૧) તફાવતઃ છાનાં દોષ લગાડે-પ્રગટ દોષ લગાડે જ. (૨) ઘટતાં પરિણામ-વધતાંા પરિણામ
જ. (૩) ૨૧ સબલ દોષરહિત - ઘાતી કર્મ રહિત જ. (૪) ૨૦૦થી ૯૦૦-૨,૦૦૦ થી ૯૦૦

**(ગ) વાક્ય ખરું છે કે ખોટું છે તે જણાવો :**

જવાબ સાથે (ગ) (૧) સ્થવિર કલ્પી ઉપાશ્રયમાં રહેતા નથી. **જવાબ : ખોટું** (૨) નિર્ગ્રંથમાં ફક્ત કેવળજ્ઞાન હોય. **જવાબ : સાચું**
(૩) સ્નાતક મોક્ષે જાય. **જવાબ : ખોટું** (૪) કષાય-કુશીલમાં એકે સમુદ્‌ઘાત નથી. **જવાબ : ખોટું**
(૫) સૌથી થોડા પુલાક નિયંઠા છે. **જવાબ : ખોટું**
(૬) પુલાકમાં સામાયિક ચારિત્ર અને છેદોપસ્થાપનીય ચારિત્ર હોય. **જવાબ : સાચું**

**(ઘ) વ્યાખ્યા લખો : કોઈ પણ ત્રણ**

૧) કષાયકુશીલ ૨) અસ્થિત કલ્પ ૩) શ્રુત વ્યતિરિક્ત ૪) મૂળગુણ પ્રતિસેવી

જ. (૧) કષાયકુશીલ : ફક્ત સંજવલનના કષાયને કારણે જેનું ચારિત્ર દૂષિત થયું તે.
જ. (૨) અસ્થિત કલ્પ : જે કલ્પોનું પાલન મધ્યના ૨૨ તીર્થંકરોમાં ફરજિયાત હોતું નથી તે
જ. (૩) શ્રુત વ્યતિરિક્ત : જેને કેવળજ્ઞા હોય છે તે.
જ. (૪) મૂળગુણ પ્રતિસેવી : પાંચ મહાવ્રતમાં દોષ લગાડે તે.

**(ચ) નિયંઠાના કોઈ બે દ્વાર લખો :**

૧) ભવ દ્વાર ૨) બંધ દ્વાર ૩) લેશ્યા દ્વાર.

જવાબ (ચ) (૧) ભવદ્વાર : પુલાક - નિર્ગ્રંથ જઘન્ય ૧ ઉત્કૃષ્ટ ૩ ભવ (મનુષ્યના કરે)
બકુશ - પડિસેવણા, કષાય કુશીલ જઘન્ય ૧ ઉત્કૃષ્ટ ૮ ભવ કરે
સ્નાતક તે જ ભવે મોક્ષે જાય.
(૨) બંધ દ્વાર : પુલાક - ૭ કર્મ બાંધે (આયુષ્ય સિવાય)
બકુશ - પડિસેવણા ૭ -૮ કર્મ બાંધે
કષાય કુશીલ ૭-૮ કર્મ બાંધે (છ બાંધે ત્યારે મોહનીય, આયુષ્ય સિવાય)
નિર્ગ્રંથ - ૧ શાતા વેદનીય બાંધે
સ્નાતક - ૧ શાતા વેદનીય બાંધે અથવા અબંધક

(૩) લેશ્યા દ્વાર : પુલાક, બકુશ પડિસેવણા માં ૩ શુભ લેશ્યા
કષાય કુશલમાં - ૬ લેશ્યા
નિર્ગંથમાં - શુકલ લેશ્યા
સ્નાતકમાં - શુકલ લેશ્યા અથવા અલેશી.

**(છ) એક વાક્યમાં જવાબ લખો :**

**જવાબ સાથે** (૧)કયો નિયંઠો આહારક - અણાહારક બન્ને હોઈ શકે **જવાબ :**સ્નાતક
(૨) પુલાક કયા બે કર્મની ઉદીરણા ના કરે ? **જવાબ :**આયુષ્ય અને વેદનીય
(૩) કષાય કુશીલ કોની કોની સાથે છઠ્ઠાણવડિયા હોય ? **જવાબ :**પુલાક, બકુશ, પડિસેવણા, કષાય કુશીલ
(૪) સ્નાતકપણું ઘણા ભવ આશ્રી કેટલી વાર આવે ? **જવાબ :**એક વાર જ
(૫) પુલાક નિયંઠો અકર્મભૂમિમાં કેમ ન હોય ? **જવાબ :**પુલાક્નું સાહરણ ન થાય.
(૬) ક્ષયોપશમ ભાવમાં કયા નિયંઠા હોય ? **જવાબ :**પ્રથમ ચાર નિયંઠા

---

**પ્ર. : ૪. (ક) કોઈ પણ બે દ્વાર લખો :**

(૧) અંતર દ્વાર - (સંજયાનું)

જ. (૧) જઘ - અંતમુહૂર્ત, ઉત-દેશેઉણું અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ. ઘણા જીવ અપેક્ષા સામાયિક, યથાખ્યાત ચારિત્રનું અંતર ન પડે કારણ કે બંને ચરિત્ર શાશ્વત છે. ઘણા જીવ અપેક્ષા છેદો ચારિત્રનું જઘ - ૬૩,૦૦૦ વર્ષ, પરિહાર વિ. ચારિત્રનું જઘ. ૮૪,૦૦૦ વર્ષ અને બંનેનું ઉત્-અંતર દેશે ઉણુ ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમનું ઘણા જીવ અપેક્ષા સૂક્ષ્મ સંપરાયમાં જઘ ૧ સમયનું ઉત્ - ૬ માસનું અંતર પડે.

જ. (૨) જ્ઞાનદ્વાર - શ્રુતજ્ઞાનના અભ્યાસની અપેક્ષાએ

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧) સામાયિક ચારિત્ર | અષ્ટ પ્રવચન માતા | - ૧૪ પૂર્વ પૂર્ણ |
| ૨) છેદોપસ્થાપનચીય | અષ્ટ પ્રવચન માતા | ,, ,, |
| ૩) પરિહાર વિશુદ્ધિ | ૯મા પૂર્વની ૩જી આચાર વત્થુ | ૧૦ પર્વમાં ન્યૂન |
| ૪) સૂક્ષ્ય સંપરાય | અષ્ટ પ્રવચન માતા | ૧૪ પૂર્વ પૂર્ણ |
| ૫) યથાખ્યાત ચારિત્ર - | અષ્ટ પ્રવચન માતા | ૧૪ પૂર્વ (પૂર્વ છદ્મસ્થ અવસ્થા) અથવા શ્રુત વ્યતિરિક્ત - કેવળજ્ઞાન આશ્રી) |

(૩) ઉપસંપજઝાણ દ્વાર - (સંજયાનું)

જ. (૩) ઉપસંજપજઝાણ દ્વાર : પોતાનું સ્થાન છોડીને ક્યાં થાય ?
૧) સામાયિક ચારિત્ર - પોતાનું સ્થાન છોડે તો ૪ સ્થાને જાય
(છેદો - સૂક્ષ્મ-સંયમાસંયમ - અસંયમ)
૨) છેદોપસ્થાપનીય વાળા - પાંચ સ્થાને જાય
સામા. પરિ, સૂક્ષ્મ, સંયમાસંયમ કે અસંયમમાં)
૩) પરિહાર વિશુદ્ધ વાળા - ૨ સ્થાને - (છેદો કે અસંયમમાં)
૪) સૂક્ષ્મ સંપરાયવાળા ૪ સ્થાને (સામા, છેદો, યથા કે અસંયમમાં)
૫) યથાખ્યાત - ૩ સ્થાને (સૂક્ષ્મ, અસંયમમાં કે મોક્ષે જાય)

**(ખ) સંજયાને આધારે – જોડકાં જોડો :**

**જવાબ સાથે**

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | સયોગી કેવળી | - | ૧૨મું ગુણસ્થાનક | **જવાબ :** ૧૩મું ગુણસ્થાનક |
| (૨) | છેદોપસ્થાપનીય ચારિત્રી | - | ૬ થી ૯ ગુણસ્થાનક | **જવાબ :** ૬થી ૯ ગુણસ્થાનક |
| (૩) | ક્ષીણ વીતરાગી | - | ૧૦મું ગુણસ્થાનક | **જવાબ :** ૧૨મું ગુણસ્થાનક |
| (૪) | અયોગી કેવળી | - | ૧૧મું ગુણસ્થાનક | **જવાબ :** ૧૪મું ગુણસ્થાનક |
| (૫) | સૂક્ષ્મ સંપરાય ચારિત્રી | - | ૧૩મું ગુણસ્થાનક | **જવાબ :** ૧૦મું ગુણસ્થાનક |
| (૬) | ઉપશાંત વીતરાગી | - | ૧૪મું ગુણસ્થાનક | **જવાબ :** ૧૧મું ગુણસ્થાનક |

**(ગ)ખાલી જગ્યા પૂરો (યોગ્ય વિક્લ્પ શોધી) :**

**જવાબ સાથે** (૧) સૂક્ષ્મ ચારિત્રી **અહમેન્દ્ર** ની પદવી પામે. (ઇન્દ્ર, અહમેન્દ્ર, લોકપાલ)
(૨) સામાયિક, છેદોપસ્થાપનીય ચારિત્રવાળા ઉત્કૃષ્ટ ૮ ભવ કરે (૩, ૮, ૧) .
(૩) પરિહાર વિશુદ્ધ ચારિત્રવાળા ઉત્કૃષ્ટ **૧૮ સાગર** સ્થિતિ પામે. (૨ પલ્ય, ૧૮ સાગર, ૩૩ સાગર)
(૪) પાંચેય ચારિત્રવાળા ભાવથી તો **સ્વલિંગી** જ હોય. (સ્વલિંગી, અન્ય લિંગી, ગૃહસ્થલિંગી)
(૫) પરિહાર વિશુદ્ધિ **સ્ત્રીવેદી** હોતા નથી. (પુરુષવેદી, સ્ત્રીવેદી, નપુંસકવેદી) .
(૬) યથાખ્યાત ચારિત્રીને **૩** શરીર હોય. (૩, ૫, ૪)

**(ઘ) નીચેના બધાં કથન સુધારીને લખો :**

(૧) પરિહાર વિશુદ્ધ અને છેદોપસ્થાપનીયમાં માત્ર એક કષાયકુશીલ નિયંઠો હોય છે.

**જવાબ (ઘ) (૧) પરિહાર વિશુદ્ધ અને સૂક્ષ્મ સંપરાયમાં એક એક કષાયકુશીલ નિયંઠો.**

(૨) યથાખ્યાત ચારિત્રીનું સંહરણ ન થાય.

**જ. (૨) પરિહાર વિશુદ્ધાનું સંહરણ ન થાય.**

(૩) સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં વર્ધમાન અને અવસ્થિત બે પરિણામ હોય.

**જ. (૩) સૂક્ષ્મ સંપરાયમાં હિયમાન અને વર્ધમાન - બે પરિણામ હોય.**

(૪) છેદોપસ્થાપનીય ચારિત્ર ઘણા ભવ આશ્રી ઉત્કૃષ્ટ પ્રત્યેક હજાર વાર આવે.

**જ. (૪) છેદોપસ્થાનીય ચારિત્ર ઘણા ભવ આશ્રી ઉત્કૃષ્ટ ૯૬૦ વાર હોય.**

**(ચ) માગ્યા પ્રમાણે જવાબ લખો :**

(૧) સૌથી થોડા કયા ચારિત્રવાળા ? સૌથી વધુ કયા ચારિત્રવાળા ?

**જવાબ (ચ) (૧) સૌથી થોડા સૂક્ષ્મ સંપરાયવાળા સોથી વધુ સામાયિકવાળા**

(૨) સંયમ પર્યવ કોના સૌથી વધુ ?

**જ. (૨) સંયમ પર્યવ સૌથી વધુ યથાખ્યાત ચારિત્રિના છે.**

(૩) પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં સંજવલનના કેટલા કષાય હોય ?

**જ. (૩) પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં સંજવલનના ચાર કષાય હોય.**

(૪) યથાખ્યાત ચારિત્રી સર્વ લોકમાં કઈ રીતે હોઈ શકે ?

**જ. (૪) યથાખ્યાત ચારિત્રી સંહરણની અપેક્ષા સર્વલોકમાં હોય**

(૫) કયા ચારિત્રી ફક્ત ભરત અને ઈરવતમાં નથી ?

**જ. (૫) છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધ - ફક્ત ભરત-ઈરવતમાં અને પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં જ હોય.**

(૬) પરિહાર વિશુદ્ધિ ચારિત્ર્યવાળા જઘન્ય કેટલામે વર્ષે દીક્ષા લે ? દીક્ષા પછી કેટલા વરસ ગુરુકુળ-વાસમાં રહે ? જ.ઉ. કેટલું જ્ઞાન ભણે ?

**જ. (૬) પરિહાર વિશુદ્ધવાળા જઘ - ૯ વર્ષે દીક્ષા લે, ત્યાર પછી ગુરુકુળ વાસમાં ૨૦ વર્ષ રહે. જઘન્ય ૯ પૂર્વની ત્રીજી આચારવત્થુ ઉત્કૃષ્ટ ૧૦ પૂર્વમાં ન્યૂન જ્ઞાન ભણે.**

(૭) ફક્ત શુકલ લેશ્યા કયા ચારિત્રમાં હોય ?

**જ. (૭) ફક્ત શુકલ લેશ્યા યથાખ્યાત ચારિત્રીમાં જ હોય.**

(૮) છેદોપસ્થાપનીય ચારિત્રના ભેદ કેટલા ? કયા ? નામ લખો.

**જ. (૮) છેદોપસ્થાપનીયના બે ભેદ (૧) સાતિચાર (૨) નિરતિચાર.**

---

પ્ર. : **પ. ભક્તામરને આધારે (૧) ગાથા પૂરી કરો :**

(૧) વક્તું ગુણાન્ ...................

**જવાબઃ પ. (૧) વક્તું ગુણાન્ ગુણસમુદ્ર !શશાંક કાંતાન્,**
**કસ્તે ક્ષમઃ સુરગુરુ પ્રતિમોડ પિ બુદ્ધયા ?**
**કલ્પાંત કાલ પલનોદ્ધત નક્ર ચક્રં.**
**કોવાતરીતુમુલ બમ્બુનિધિં ભુજાભ્યાનમ્ ॥**

૨) અલ્પ શ્રુતં ...............................

**જ. (૨) અલ્પ શ્રુતં શ્રુતવતાં પરિહાસ ધામ,**
**ત્વદ્ ભક્તિરેવ મુખરી કુરુતે બલાન્મામ્ ।**
**યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ,**
**તચ્ચારુ ચામ્ર કલિકા નિકરૈક હેતુઃ ॥**

**(૨) ગાથા લખી તેનો ભાવાર્થ લખો : (કોઈ પણ બે) :**

(૧) ક્ષીર સમુદ્ર અને લવણસમુદ્રનો ઉલ્લેખ થયો હોય તે ગાથા લખી ભાવાર્થ લખો.

**જ. (૧) દ્રષ્ટવા ભવન્તમનિમેષ વિલોકનીયં,**
**નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ ।**
**પીત્વા પયઃ શશિકર દ્યુતિદુગ્ધ સિન્ધોઃ**
**ક્ષારં જલં જલનિધેરસિંતુ ક ઈચ્છેત ? ॥**

**ભાવાર્થ : અનિમેષ દૃષ્ટિ વડે અવલોકવા રૂપ આપના સ્વરૂપને એકવાર જોયા પછી મનુષ્યના**
**ચક્ષુંઓ બીજે સંતોષ પામતાં નથી. ચંદ્રની ચાંદની સમાન ઉજ્જવળ અને મધુર ક્ષીર સમુદ્રનું દૂધ પીધા પછી, લવણ સમુદ્રનું ખારૂં પાણી પીવાની ઇચ્છા કોણ કરે ? (કોઈ જ ન કરે.)**

(૨) ભગવાનની ભાવથી સ્તુતિ કરનાર ભગવાન સમાન બની જાય છે - આવું બતાવનાર ગાથા લખી ભાવાર્થ લખો.

જ. (૨) નાત્યદ્ભૂતં ભુવન ભૂષણ । ભૂતનાથ ।
ભુતૈર્ગુણેર્ભુવિ ભવન્તમ ભિષ્ટુ વન્તઃ ।
તુલ્યા ભવન્તિ ભવતોઃ નનુ તેન કિંવા ।
ભુત્યશ્રિતં યઃ ઇહ નાત્મસમં કરોતિ ॥
સ્નાતક - ૧ શાતાવેદનીય બાંધે અથવા અબધક

**ભાવાર્થ :** હે જગતના આભૂષણ ! હે પ્રાણીમાત્રના નાથ ! આપના વિદ્યમાન ગુણોથી આપની રૂડા ભાવથી સ્તુતિ કરનાર જગતમાં આપના સમાન જ બની જાય છે, તેમાં કોઈ આશ્ચર્ય નથી. અથવા આ જગતમાં જે આશ્રિતને - પોતાની સમાન નથી બનાવતા એવા સ્વાશ્રીની સેવાથી ખરેખર શો લાભ ? એટલે જ નિષ્ઠાપૂર્વક સ્વામીની સેવા કરે છે તેને સ્વામી અવશ્ય પોતાના સમાન કરે છે.

(૩) મત્વેતિનાથ ! તવ સંસ્તવન મયેદ મારભ્યતે તનુધિયા ડપિ તવ પ્રભાવાત્ ।
ચેતો હરિષ્યતિ સતાં નલિની દલેષુ, મુક્તાફલ દ્યુતિમુપૈતિ નનૂદ બિંદુ ઃ ॥

**ભાવાર્થ :** હે નાથ ! એમ માનીને હું અલ્પબુદ્ધિ હોવા છતાં પણ તમારું રૂડું સ્તવન રચવાને પ્રારંભ કરું છું. જેવી રીતે કમળપત્ર પર પડેલું જળબિંદુ મોતી જેવી શોભા ધારણ કરે છે તેવી રીતે આ સ્તોત્ર આપના પ્રભાવથી સત્પુરુષોના ચિત્તનું હરણ કરશે - પ્રસન્ન કરશે.

**(૩) અર્થ લખો : (કોઈ પણ છ લખો)**

(૧) મૃગેન્દ્રં ૨) અલિ ૩) અલમ્ ૪) લલામ ૫) શાર્વર ૬) કિલ ૭) દ્યુતિ ૮) દુરિતાનિ

જ. ૧) સિંહ ૨) ભમરો ૩) સમર્થ ૪) આભૂષણ ૫) રાત્રી ૬) ખરેખર ૭) ક્રાંતિ ૮) પાપોને.

## અથવા

**વાર્તાને આધારો :**

(૧) ખાલી જગ્યા પૂરો :

**જવાબ સાથે**

(૧) સંસાર સાગરમાં હંમેશાં ... **સાત** ભયનાં વમળો ઊઠતાં રહે છે.
(૨) જયઘોષ મુનિ પાસેથી ... **અનુત્તર** ધર્મ સાંભળી વિજયઘોષે દીક્ષા લીધી.
(૩) જંગલમાં રહેવા માત્રથી કોઈ ... **મુનિ** બની જતું નથી.
(૪) વલ્કલના - ઝાડની છાલના કપડાં પહેરવાથી કોઈ ... **તપસ્વી** બની જતું નથી.
(૫) **ભોગી** ... સંસારમાં ભ્રમણ કરે છે.
(૬) જયઘોષ પાસેથી સત્ય વાત જાણી ... **વિજયઘોષ** ના સર્વ સંશયો નષ્ટ થઈ ગયા.

(૨) માગ્યા પ્રમાણે જવાબ લખો :

(૧) જયઘોષ મુનિએ વેદ, નક્ષત્ર, યજ્ઞ અને ધર્મમાં કોને મુખ્ય ગણાવ્યા ?

જ. (૧) જયઘોષ મુનિએ વેદમાં અગ્નિહોત્ર, નક્ષત્રમાં ચંદ્રને, યજ્ઞમાં યજ્ઞાર્થીને અને ધર્મમાં કાશ્યપ ગોત્રી બ્રાહ્મણને મુખ્ય ગણાવ્યા.

(૨) જયઘોષે જૈન ધર્મ સ્વીકાર્યો ત્યારે વિજયઘોષ કયો ધર્મ પાળતા હતા ?

જ. (૨) વિજયઘોષ બ્રાહ્મણ ધર્મ પાળતા હતા.

(૩) વિજયઘોષના મતે યજ્ઞશાળાનું ભોજન લેવા કોણ પાત્ર ગણાય ? ૩

જ. (૩) જે બ્રાહ્મણ હોય, વેદના જાણકાર હોય, યજ્ઞ કરનાર હોય, જ્યોતિષ આદિ અંગોના જાણકાર હોય, ધર્મશાસ્ત્રમાં પારંગત હોય અને બીજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ હોય તેને યજ્ઞશાળાનું ભોજન લેવા પાત્ર ગણાય.

(૪) વિજયઘોષનું હૃદયપરિવર્તન કેવી રીતે થયું ?

જ. (૪) જયઘોષ મુનિની વાણી સાંભળી, તેને સમ્યક્ રીતે ધારણ કરી, તેઓ પોતાના ભાઈ જ છે તેમ ઓળખાણ થતાં જ વિજયઘોષનું જીવનપરિવર્તન થઈ ગયું.

(૫) જયઘોષ-વિજયઘોષ બન્ને ભાઈઓ કઈ નગરીના હતા ?
શાના પંડિત હતા ? શાના જાણકાર હતા ?

જ. (૫) બન્ને ભાઈ વારાણસી નગરીના હતા, સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા. વેદ અને વેદાંતના જાણકાર હતા.

**॥ જય જિનેન્દ્ર ॥**